**તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૧૦૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૧ | ૨૧ ઓગસ્ટ, ૨૦૧૬, રવિવાર ; શ્રાવણ વદ - ૩/૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉર્જિત પટેલ આરબીઆઈના ગવર્નર

## ચોથી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે ચાર્જ સંભાળશે : ઉર્જિત પટેલ મૂળ ગુજરાતી છે અને ટોચના અર્થશાસ્ત્રી અને બેંકર છે

નવી દિલ્હી, તા. ૨૦

આરબીઆઈના નવા ગવર્નર પદે મુળ ગુજરાતી અને બાવન વર્ષીય ઉર્જિત પટેલની નિમણૂંક કરવામાં આવી છે. આરબીઆઈના ૨૪માં ગવર્નર તરીકે ઉર્જિત પટેલ ચોથી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે હોદ્દો સંભાળશે. રઘુરામ રાજન પાસેથી તેઓ જવાબદારી સંભાળશે. તેમની નિમણૂંક કરવામાં આવ્યા બાદ આરબીઆઈના ગવર્નર તરીકે કોણ રહેશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે.




હાલમાં ઉર્જિત પટેલ આરબીઆઈમાં ડેપ્યુટી ગવર્નર તરીકે છે. ઉર્જિત પટેલનો જન્મ ૨૮મી ઓક્ટોબર ૧૯૬૩ના દિવસે થયો હતો. જાણીતા અર્થશાસ્ત્રી, કન્સલ્ટન્ટ અને બેંકર તરીકે તેઓ રહ્યા છે. તેઓ બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપના એડવાઈઝર તરીકે પણ રહી ચુક્યા છે. મોનિટરી પોલિસી, આર્થિક પોલિસી, રિસર્ચના આંકડા, ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ, ડિપોઝિટ ઈન્સ્યોરન્સ, કોમ્યુનિકેશન, રાઈટ ટુ

● અનુસંધાન પાન-૭ પર

## દેશભરમાં રાજીવ ગાંધીની જન્મ જયંતિ ઉજવાઈ

નવી દિલ્હી,તા. ૨૦

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના જન્મદિવસ પર આજે દેશના લોકોએ તેમને યાદ કર્યા હતા. સાથે સાથે દેશના જુદા જુદા ભાગમાં વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રાજીવ ગાંધીની જન્મ જયંતિ પર આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી. ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી તેમની સમાંધીના સ્થળ વીર ભૂમિ પર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ તેમના સમાધી પર જઈને શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા.

## ગંગા ભયજનક સપાટીએ વહે છે



નવી દિલ્હી,તા. ૨૦

ઉત્તરપ્રદેશમાં પુરની સ્થિતી ગંભીર બનેલી છે. પુર અને વરસાદ સાથે સંબંધિત બનાવોમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં પુરની સ્થિતી ગંભીર હોવાના કારણે જનજીવન પર માઠી અસર થઈ છે. બુન્દેલખંડમાં સેંકડો કાચા મકાનો ધરાશાયી થઈ ગયા છે. એક દિવસમાં સેંકડો મકાન ધરાશાયી થઈ જતા લોકો ઘરવગરના થયા છે. અલ્હાબાદમાં ગંગા નદી ભયજનક સપાટીને કુદાવી ચુકી છે. જેથી કેટલાક નિવાસી વિસ્તારોમાં પુરના પાણી ઘુસી ગયા છે.

# કાશ્મીરની કટોકટીને તાકિદે ઉકેલવા રાષ્ટ્રપતિને અપીલ

**ઓમરના નેતૃત્વમાં ૨૦ સભ્યોનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું : હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ફોર્સના વધારે પડતા ઉપયોગને રોકવા અને નાગરિકોના મોતને રોકવા ઉપરાંત કેન્દ્ર અને રાજ્યને આદેશ આપવા ઓમર અબ્દુલ્લાની માંગ**

નવીદિલ્હી, તા.૨૦

ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના નેતૃત્વમાં વિપક્ષી નેતાઓનું પ્રતિનિધિમંડળ આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યું હતું અને વર્તમાન કાશ્મીર કટોકટીનો ઉકેલ શોધી કાઢવા કેન્દ્ર સરકારને સૂચના આપવા તેમને રજૂઆત કરી હતી. વહીવટી સ્તર કરતા રાજકીય રીતે કટોકટીને ઉકેલવા માટે અપીલ કરવામાં આવી હતી. ૨૦ વિપક્ષી નેતાઓના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા ઓમર અબ્દુલ્લાએ રાષ્ટ્રપતિ સાથે એક કલાક લાંબી બેઠક યોજ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, કેન્દ્ર સરકારની નિષ્ફળતા હાલ દેખાઈ રહી છે જેના પરિણામ સ્વરુપે સ્થિતિ વધુ વણસી રહી છે. રાજકીયરીતે આને ઉકેલવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, રાજકીય મંત્રણાની અર્થપૂર્ણ પ્રક્રિયા અને વિશ્વસનીય પ્રક્રિયા હાથ ધરીને કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર




# વિધાનસભા અધ્યક્ષપદ માટે સર્વસંમતિ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદ માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સહમતિ સધાઈ હતી જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે ભાજપના રમણલાલ વોરાએ આજે ઉમેદવારી નોંધાવી છે. અધ્યક્ષ તરીકે તેમના નામની

**સોમવારે અધ્યક્ષપદે રમણલાલ વોરા સર્વાનુમતે વરણી કરાશે : ઉપાધ્યક્ષપદે શંભુજી ઠાકોર અને ચંદ્રિકાબેન બારિયા વચ્ચે જંગ : મૌખિક મતદાનથી ચૂંટણીનું પરિણામ નક્કી કરાશે**

ઉપાધ્યક્ષપદ માટેનો જંગ નિશ્ચિત બન્યો છે. સોમવારે આ અંગેનું ચિત્ર પણ સ્પટ થઈ જશે. દરખાસ્ત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી છે તો તેનું સમર્થન

● અનુસંધાન પાન-૭ પર

## અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણી એક સાથે પ્રથમવાર વિધાનસભામાં થશે

ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભામાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી એક સાથે યોજાઈ રહી હોય તેવી ઘટના પ્રથમવાર તેરમી વિધાનસભામાં બની રહી છે.

તેરમી વિધાનસભામાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બન્નેએ રાજીનામા એક દિવસના અંતરે આપતાં ખાલી પડેલી આ બન્ને જગ્યાઓ પર એક સાથે ચૂંટણી યોજાઈ રહી છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બન્ને એક સાથે રાજ્યમંત્રી મંડળમાં કેબિનેટ મંત્રી તરીકે જોડાયા હોય તેવી ઘટના પણ પહેલીવાર બની છે. સોમવારે ૧૨ વાગે કાર્યકારી અધ્યક્ષ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ચોમાસુ સત્રનો પ્રારંભ થશે. ગૃહમાં પહેલાં અધ્યક્ષ અને આ પછી ઉપાધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ચૂંટણી બાદ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના થયેલા દુઃખદ અવસાન અંગેનો શોકદર્શક પ્રસ્તાવ ગૃહના નવા વરાયેલા નેતા વિજયભાઈ રૂપાણી રજુ કરશે જેને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અનુમોદન આપશે. આ પછી સભ્યો શ્રદ્ધાંજલિ આપી ગૃહની કાર્યવાહી મુલ્તવી રાખવામાં આવશે.

વિધાનસભાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વિપક્ષે ગૃહની કાર્યવાહી લંબાવવા માટે રજુ કરેલી દરખાસ્ત પર સરકારે હજુ કોઈ નિર્ણય કર્યો નથી.




## બ્રહ્મભટ્ટ/બારોટ બેસણું



અમારા વ્હાલસોયા સુપુત્ર ચિ. વિપુલકુમાર રમણલાલ બારોટ (એડવોકેટ-કોબાવાળા)નું તા.૧૮/૮/૧૬ને ગુરૂવારે અકાળે દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૨/૮/૧૬ને સોમવારે સવારે ૮ થી ૧૧ સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ - સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, પોલીસ સ્ટેશન સામે, સેક્ટર-૭, ગાંધીનગર**

લિ. રમણલાલ ડાહ્યાભાઈ બારોટ (પિતા)
અમૃતલાલ ડાહ્યાભાઈ બારોટ (મોટાબાપા)

જશવંતલાલ કે.બારોટ (ભાઈ)
વિષ્ણુભાઈ એ.બારોટ (ભાઈ)
કનુભાઈ એ.બારોટ (ભાઈ)
તુષારભાઈ આર.બારોટ (ભાઈ)
જ્યોત વિપુલભાઈ બારોટ (પુત્ર)
કિરણભાઈ જે.બારોટ (ભત્રીજા)

વસંતીબેન એ.બારોટ (મોટી બા)
ઈન્દુબેન આર. બારોટ (માતા)
ગં.સ્વ.પ્રિયંકા વિપુલકુમાર બારોટ(પત્ની)
નિહારીકા સંદિપકુમાર બારોટ (બહેન)
(સુંવાળા ઉપરોક્ત સ્થળે બપોરના ૧૨થી ૨ કલાકે રાખેલ છે.)

અમારા જમાઈનું પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.-અમૃતલાલ બળદેવજી બ્રહ્મભટ્ટ (પલીયડ)
અમારા ભાણેજનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.-અરવિંદકુમાર છબીલદાસ બ્રહ્મભટ્ટ (માતપુર)




## શ્રદ્ધાંજલિ



સ્વ. અંકિતકુમાર હસમુખભાઈ પટેલ | સ્વ. યશકુમાર રાજેશકુમાર પટેલ | સ્વ. કમલેશકુમાર હસમુખભાઈ પટેલ
સ્વ. ચેતનકુમાર કૃષ્ણકાંત ભટ્ટ | સ્વ. જયેશકુમાર મંગળભાઈ પટેલ | સ્વ. વિકાસકુમાર દિપકભાઈ પટેલ

અંજલિ આપતાં શબ્દો ખૂટે છે, શ્રધ્ધાંજલિ આપતાં પુષ્પો ખૂટે છે, કુદરતને ખજાને ખોટ પડે છે, ત્યારે માયાળું માનવીનો ખજાનો લૂંટે છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના....

લિ. રઈશભાઈ કસ્બાતી તથા પરિવાર, પ્રાંતિજ

## જોઈએ છે

સેક્ટર-૩માં રહેતા વૃદ્ધ માજીની સારસંભાળ રાખી શકે તેવા, ૨૪ કલાક માટે બહેન જોઈએ છે. રહેવા - જમવાની સગવડ મળશે.

મો. નં. ૯૮૨૫૦ ૦૦૯૬૧
મો. નં. ૯૮૨૫૦ ૯૮૪૮૬
મો. નં. ૮૧૨૮૧ ૬૧૪૧૨

## નોટીસ

સાંચા કામ સબબો, તારીખ ૨૩/૮/૨૦૧૬, મંગળવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૪.૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

**(૧) સેક્ટર-૧૯, શોપીંગ સબ સ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225




NANDA AUTOMOBILES PVT. LTD. CALL : 9978044000, 97277 26098/99

For Corporate & Bulk Enquiry Contact : Firoz Rathod M : 7574893373, E-mail : nanda.gdn.corp1@marutidealers.com

KALOL : Nr. Ganesh Petrol Pump, Chirag Cinema Road. M. : 9727726008 MANSA : 11-12, Muktanand Complex, Mansa-Gandhinagar Highway. M : 9727726054 DEHGAM : Nr. Umiya Mata Temple, College Road. M. : 9727726009 TRUE VALUE SHOWROOM : D-7 & 8, Swagat Rain Forest - 3, Nr. Kh 0, Sargasan, Gandhinagar. AHMEDABAD : Avadh Arcade, Nr. Shell Petrol Pump, 132 Ft. Ring Road, Jivraj Park. MARUTI DRIVING SCHOOL : Ph.079-65728231